# પ્રાત: સ્મરણીય સાવરકુંડલા કાનાતળાવ આશ્રમના

# પ.પૂ.ઉષામૈયા માતાજી અને પ.પૂ. જયોતિમૈયા માતાજીની અનેરી સેવાકીય પ્રવૃત્તિઓ

સાવરકુંડલા તાલુકા ના કાનાતળાવ ખાતે આવેલ શ્રી શિવદરબાર આશ્રમ આશ્રમ ના પ.પૂ.ઉષામૈયા માતાજી નો જન્મ તારીખ.-૦૩/૦૧/૧૯૩૯ ના રોજ સાવરકુંડલા ના શેઠ છોટાલાલ કાનજીભાઈ પારેખ તથા માતા મંછાબેન ને ત્યાં થયો હતો. પૂજ્ય ઉષામૈયા નાનપણ થીજ આધ્યાત્મ, ધ્યાન અને પ્રભુ સ્મરણ કરતા હતા તેઓ આઠ ધોરણ સુધી અભ્યાસ કર્યો અને તેમાં પણ એક થી ત્રણ ક્રમ મેળવી પાસ થયા હતા મુનિબાપુ નામ ના એક ઉદાસીન સંત દ્વારા માતાજી ને યોગાસનો અને ત્રાટક શીખવ્યા હતા તેમને પોતાનું મૌન તોડી માતાજી નું ભવિષ્ય તેમના પિતા છોટાબાપા ને કીધું હતું તે સંત દ્વારા તેમની જટા ના વાળ, નખ તેમજ રૂદ્રાક્ષ નો બેરખો પ્રસાદી માતાજી ને આપી હતી જે હજી સુધી માતાજી એ તેમને સાચવી છે પૂ.માતાજી ના પિતા ના જન્મ દિવસે મહુવા મુકામે સંતશ્રી કાનજીબાપુ પધાર્યા હતા અને પિતા ની આજ્ઞા મુજબ પૂજ્ય ઉષામૈયા અને પૂજ્ય જ્યોતિમૈયા બને બહેનો એ દયાનંદબાપુ ને ગુરૂ તરીકે ધારણ કર્યા અને



છેલ્લા આઠ દાયકા ઉપરાંત ના સમયથી ગૌસેવા અને માનવ સેવા ના ભેખધારી, સેવાની અખંડ જ્યોત પ્રગટાવનાર

**પ.પૂ.ઉષામૈયા**

સંન્યાસ લીધો ૧૨ ડિસેમ્બર ૧૯૬૧ ના રોજ તેમના પિતા નું શરીર શાંત થયું ઈ.સ.૧૯૬૩ બાઢડા આશ્રમ ની જગ્યા પસંદ કરેલી અને ૧૯૬૪ માં સનાતન આશ્રમ બાઢડા મુકામે પહેલી ગુરૂપૂર્ણિમા ની ઉજવણી કરી ૧૯૬૫

માં બને માતાજી બાઢડા આશ્રમે રહેવા ગયા વિક્રમ સં.-૨૦૧૩ આસો સુદ એકમ ના દિવસ થી બને માતાજી એ અનાજ નો ત્યાગ કર્યો શરૂઆત ના ૧૮ વર્ષ લીમડા નો રસ અને દૂધ પર જ રહ્યા પરમ પૂજ્ય ઉષામૈયા અને પરમ પૂજ્ય જ્યોતિમૈયા બંને બહેનો ઈ.સ. ૧૯૬૫ થી ૧૯૯૩ એમ ૨૮ વર્ષ સુધી સનાતન આશ્રમ બાઢડા મુકામે સાથે રહ્યા.પરમ પૂજ્ય ઉષામૈયા માઁ એ ઈ. સ.-૧૯૯૫ માં માતાજી એ કાનાતળાવ ખાતે શિવ દરબાર આશ્રમ ની સ્થાપના કરી અને વિવિધ સેવાકીય પ્રવૃતિઓની ત્યારથી આજદિન સુધી નિસ્વાર્થ ભાવે અલગ અલગ સેવા જેવી કે પ્રસ્તુતા બહેનો ને સુખડી, અન્નશેત્ર, છાશ નું પરબ, યજ્ઞ, અનુષ્ઠાન, કેટલ કેમ્પો, વગેરે અનેક પ્રવુતિ કરવામાં આવી રહી છે.

શ્રી શિવદરબાર આશ્રમ ગૌશાળા માં હાલ ૨૫૦ જેટલી ગાયો ની સેવા કરવામાં આવે તેના દૂધ માંથી ઘી બનાવી પ્રસ્તુતા બહેનો માટે સુખડી (કાટલુ) બનાવી સાવરકુંડલા, રાજુલા,અમરેલી હોસ્પિટલ માં જઈ દોઢ કિલો સુખડી નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે તથા તેની સાથે એક સાડી, ચણીયો, બ્લાઉઝ, બાળક ના ઝબલા અને ગોદડી આપવામાં આવે છે.દર વર્ષે ઉનાળા દરમિયાન આશ્રમ દ્વારા વિનામૂલ્યે છાશ નું પરબ ખોલવામાં આવે છે અને રામાનંદી છાત્રાલય, કપોલ બોર્ડિંગ, બ્રાહ્મણ બોર્ડીંગ, રામ રોટી અન્નશેત્ર ખાતે દરરોજ વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે.ગાયો માટે દુષ્કાળ વખતે ૨૦૦૧ થી કેટલ કેમ્પો કરી લીલોચારો નાખવામાં આવે છે. ગિરનાર ની પરીક્રમા ના સમયે માળવેલા મુકામે 24 વર્ષ થી અન્નક્ષેત્રો ચાલે છે જે ગિરનાર ની પરિક્રમા માં સૌથી મોટું અન્નક્ષેત્રો ગણાઈ છે જેમાં ચોખ્ખા ઘી નો શિરો, ગાંઠિયા, ચા, કોફી ૨૪ કલાક સુધી આઠ દિવસ સુધી ૮ થી ૧૦ લાખ લોકો લાભ લે છે.

વર્ષ ૨૦૦૧ થી આજદિન સુધી રામનવમી નિમિતે વૃદાવન ખાતે સાધુ સંતો માટે ફરાળ પીરસવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ થી આજદિન સુધી વૃદાવન ગોવર્ધન પર્વત પરીકમા રૂટ પર સાધુ સંતો નો ભંડારો કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ થી આજદિન સુધી સોમનાથ મુકામે શિવરાત્રી નિમિતે અંદાજે



પ.પૂ.જયોતિમૈયા

ચાલીસ થી પચાસ હજાર દર્શનાથી ઓને ફરાળ જેમાં ટોપરાપાક, ફરાળી ચેવડો, બટાટા ની વેફર્સ અને ફરાળી ખીચડી આપવામાં આવે છે.પૂજ્ય માતાજી દ્વારા છેલ્લા ૫૫ વર્ષ થી પવિત્ર શ્રાવણ માસે એક મહિનો અનુષ્ઠાન જેમાં સોમનાથ, અસ્સા, પુષ્કર, તેમજ નર્મદા કાંઠે ૯૧ દિવસ અનુષ્ઠાન કરે છે.તથા દર માસે યજ્ઞ અને વર્ષે મહાયજ્ઞ કરવામાં આવે છે.